GJVD020059672018

Presented on : 23-01-2018
Registered on : 23-01-2018
Decided on : 17-01-2026
Duration : 07 years, 11 months, 25 days

વડોદરાના મે. ૩જા એડી.ચીફ જયુડીશિયલ મેજિસ્ટ્રેટશ્રી (એસ.પી.દુલેરા સાહેબ)ની કોર્ટમાં, મુ.વડોદરા.

ફોજદારી કેસ નં. ૫૧૨૪/૨૦૧૮
આંક–

ફરિયાદી: **શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફાઈનાન્સ કું.લી.ના**
અધિકૃત અધિકારીશ્રી હરપાલસિંહ હિતેન્દ્રસિંહ ગોહેલ
ઉ.વ.આ. પુખ્ત, ધંધો–નોકરી,
ઠે. બીજો માળ, ઈમ્પેરીયલ હાઈટસ,
અક્ષરચોકની બાજુમાં, ઓલ્ડ પાદરા રોડ,
વડોદરા–૩૯૦૦૨૦

<u>વિરુધ્ધ</u>

આરોપી : **કપીલદેવ વી.ઠાકોર**
રહે.૧૩૮, ધંટાવાડ વાડ ફળીયુ,
તલસાટ, તા.જી.વડોદરા.

ગુન્હો: <u>ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ:૧૩૮ મુજબ.</u>

ફરિયાદ પક્ષ તરફે વિધ્વાન વકીલ શ્રી : એ.એમ.ચૌહાણ.
આરોપી પક્ષ તરફે વિધ્વાન વકીલ શ્રી : એ.વી.વણઝારા.

–:: ચુકાદો ::–

(૧) ફરિયાદીએ હાલની ફરિયાદ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ (જેને હવે પછીથી ટુંકમાં ''એન.આઈ.એકટ'' એ રીતે ઉલ્લેખ કરેલ છે) ની કલમ–૧૩૮ અન્વયે દાખલ કરેલી છે. ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકિકત એવી છે કે, ફરિયાદી કંપની તે ભારતીય કંપની એકટ ૧૯૫૬ હેઠળ નોંધાયેલ કંપની છે અને સદર કંપની જુના તથા નવા થ્રી વ્હીલર તથા ફોર વ્હીલર વાહનો ઉપર લોન આપવાનુ કામ કરે છે. ફરીયાદી કંપની દવારા ફરીયાદીને આરોપી વિરુધ્ધ ફરીયાદ દાખલ કરવા અધિકાર પત્રથી અધિકાર આપવામાં આવેલ છે. આરોપીએ ફરીયાદી કંપની પાસેથી એગ્રીમેન્ટ નંબર–SEF032401160001 થી વાહન રજીસ્ટ્રેશન નંબર GJ-23-V-8252 થી પોતાની જરુરીયાત મુજબનુ વાહન ફરીયાદી કંપની પાસેથી રૂા.૭,૦૦,૦૦૦/– ની લોન મેળવી ખરીદ કરેલ હતુ. તેમજ આરોપીના જામીનદારે સહીઓ કરી એગ્રીમેન્ટની તમામ શરતોનુ પાલન કરવાની પાકી ખાત્રી અને બાંહેધરી આપેલી. જે લોન તેમજ વ્યાજની જે રકમ થાય તે મુજબ આરોપીએ દર માસે નિયમિત રીતે હપ્તા ધ્વારા ચુકતે કરવાની પાકી ખાત્રી અને બાંહેધરી આપેલ. આરોપીએ ફરીયાદી કંપનીમાંથી મેળવેલ લોનની બાકી રહેતી રકમ તથા લોનની આંશિક અને એરીયર્સ રકમની ચુકવણી પેટે આરોપીએ પોતાની ઈન્ડીયન ઓવરસીસ બેંક, કલાલી શાખાનો ચેક નં.૫૩૬૮૨૨, રૂા.૮,૫૧,૦૦૦/–નો તા.૩/૧૧/૨૦૧૭ ના રોજ ફરીયાદી કંપનીના નામનો લખીને પોતાની સહી કરીને આપેલો. ત્યારબાદ ફરીયાદી કંપની દવારા તે ચેક પોતાની એકસીસ બેંક, વડોદરા શાખામાં તા.૪/૧૧/૨૦૧૭ નાં રોજ જમા કરાવતાં તા.૬/૧૧/૨૦૧૭ ના રોજ સદર ચેક ''ફંડ ઈનસફીસીયંટ'' ના શેરા સાથે સ્વીકાર્યા વગર પરત ફરેલો. જેથી ફરિયાદીએ તેમના વકીલશ્રી મારફતે તા.૨૫/૧૧/૨૦૧૭ નાં રોજ આરોપીને ડીમાન્ડ નોટીસ રજી. પોસ્ટ. એડી.થી મોકલી આપેલી, જે નોટીસ આરોપીને તા.૨૭/૧૧/૨૦૧૭ બજી ગયેલ

હોવા છતાં નોટીસમાં જણાવ્યા મુજબનુ આરોપીએ કોઈ વર્તન કરેલ નથી કે તે નોટીસનો કોઈ જવાબ ફરીયાદીને આપેલ નથી. જેથી ફરિયાદીએ આરોપી વિરૂધ્ધ અત્રેની અદાલતમાં ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબ ફરિયાદ દાખલ કરેલ છે.

(૨) ત્યારબાદ મારા વિ. પુરોગામીશ્રી ધ્વારા ફરિયાદીની સદર ફરિયાદ રજીસ્ટરે દાખલ કરી આરોપી સામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ સમન્સ કાઢવાનો હુકમ કરવામાં આવેલો છે, જે સમન્સ આરોપીને બજી જતાં આરોપી કોર્ટ સમક્ષ ઉપસ્થિત થતાં આરોપીને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૦૭ અન્વયે ફરિયાદની નકલ તથા દસ્તાવેજી પુરાવાઓ પુરા પાડવામાં આવેલ છે ત્યારબાદ આરોપીનું **આંક:–૦૮** થી નિવેદન લેવામાં આવતા આરોપીએ તેઓની સામેના આક્ષેપિત ગુન્હાનો ઈન્કાર કરતાં સદરહુ કેસ ફરિયાદ પક્ષના પુરાવાના તબકકે મુકરર કરી આગળની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

(૩) આ કામે ફરિયાદપક્ષ તરફે નીચે મુજબના મૌખિક તેમજ લેખિત પુરાવા રજુ કરવામાં આવેલા છે.

–: ફરિયાદ પક્ષ તરફે રજુ મૌખિક પુરાવો: –

ક્રમ	**વિગત**	**આંક**
૧	શ્રીરામ ટ્રાન્સપોર્ટ કું.લી.ના અધિકૃત અધિકારીશ્રી હરપાલસિંહ હિતેન્દ્રસિંહ ગોહેલની સોગંદપર સરતપાસ.	૦૪
૨	શ્રીરામ ટ્રાન્સપોર્ટ કું.લી.ના અધિકૃત અધિકારીશ્રી તેજસ વિનોદચંદ્ર શાહની સોગંદપર સરતપાસ.	૨૦
૩	શ્રીરામ ટ્રાન્સપોર્ટ કું.લી.ના અધિકૃત અધિકારીશ્રી મુકેશભાઈ કોરીની સોગંદપર સરતપાસ.	૩૧

<u>-: ફરિયાદ પક્ષ તરફે રજુ દસ્તાવેજી પુરાવો :-</u>

ક્રમ	વિગત	આંક
૧	પાવર ઓફ એટર્નીની નકલ.	૧૧
૨	આરોપીના ખાતા/લોનનો ઉતારો.	૧૨
૩	ફરિયાદવાળો અસલ ચેક નં.૫૩૬૮૨૨	૧૩
૪	અસલ ચેક રીટર્ન મેમો.	૧૪
૫	ડીમાન્ડ નોટીસની સ્થળપ્રત.	૧૫
૬	ડીમાન્ડ નોટીસ પોસ્ટ કર્યાની મનીરીસીપ્ટ.	૧૬
૭	નોટીસ બજી ગયા અંગેનો પોસ્ટ ખાતાનો ટ્રેકીંગ રીપોર્ટ	૧૭
૮	પાવર ઓફ એટર્નીની નકલ.	૧૯
૯	પાવર ઓફ એટર્નીની નકલ.	૩૦
૧૦	લોન એપ્લીકેશન ફોર્મ અસલ.	૩૯
૧૧	લોન કમ હાઈપોથીકેશન એગ્રીમેન્ટ અસલ	૪૦

(૩.૧) ફરિયાદપક્ષ તરફે ઉપરોકત પુરાવા સિવાય અન્ય કોઈ લેખિત કે મૌખિક પુરાવા રજુ કરેલ નથી અને **આંક-૩૩** થી કલોઝિંગ પુરસીસ રજુ કરી તેઓનો પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે.

(૪) આ કામે ફરિયાદીની સોગંધ ઉપરની જુબાની થયા બાદ આ કામે આરોપીને બચાવ માટે ફરિયાદીની ઉલટતપાસ કરવા સારુ વ્યાજબી અને પુરતી તક મળવા છતાં આરોપી કે તેમના વિ.વ.શ્રી કોર્ટ સમક્ષ હાજર થઈ ફરિયાદીની જુબાનીને પડકારેલ નથી. જેથી ફરિયાદ પક્ષે આ કામે આરોપીની ઉલટતપાસ કરવાનો હકક બંધ કરવા **આંક-૩૨** થી અરજી આપતા સદર અરજી મંજુર કરી આરોપી પક્ષનો ફરિયાદીની ઉલટતપાસ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે. આમ, ફરિયાદીની સોગંધ ઉપરની જુબાની રેકર્ડ ઉપર વણપડકારાયેલી યાને

અનચેલેન્જ રહેલ છે. આમ, આરોપી કોર્ટ સમક્ષ હાજર રહેલ નથી કે તેમના વિ.વ.શ્રી.પણ હાજર રહેલ નથી અને આરોપીપક્ષે ફરિયાદીની જુબાનીને ચેલેન્જ કરેલ નથી કે કોઈ મૌખીક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. ત્યાર બાદ આ કામે આરોપી તરફે કોઈ હાજર રહેતા ન હોય કોર્ટ ધ્વારા આરોપીના વિશેષ નિવેદનનો હકક બંધ કરવામાં આવેલ. ત્યાર બાદ કામ દલીલો માટે રાખવામાં આવેલ.

(૫) ત્યારબાદ આ કામે ફરિયાદ પક્ષ તરફે તેઓના વિ.વ.શ્રી.ની દલીલો સાંભળવામાં આવેલ છે જયારે આરોપી કે તેમના વિ.વ.શ્રી હાજર રહેલ નથી કે તેઓ તરફે કોઈ દલીલ કરેલ નથી.

(૬) આ કેસમાં મારા નિર્ણય અને નિકાલ અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

// મુદ્દા //

1. Whether the Complaintant proves the ingrediants of offence under Section 138 of Negotiable Instruments Act, as per the Complaint ?

2. What Order ?

(૭) ઉપરોકત નિર્ણયો પરત્વે મારા કારણો નીચે મુજબ છે.

// નિ ર્ણ યો //

૧. હકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

(૮) ઉપરોકત નિર્ણયો પરત્વે મારા કારણો નીચે મુજબ છે.

: કા ર ણો :

મુદ્દા નં.૧ :–

ફરિયાદી ધ્વારા આ કામે હાલની ફરિયાદ ધી નેગો. ઈન્સ્ટ્રુ.એકટ ૧૮૮૧ની કલમ:– ૧૩૮ મુજબના ગુના અન્વયે દાખલ કરવામાં આવેલ છે. ત્યારે આરોપી સામેનો આક્ષેપિત ગુનો સાબિત કરવા માટે નીચે મુજબના આવશ્યક તત્વો પુરવાર કરવાની જવાબદારી ફરિયાદી પર રહેલી છે.

૧. આરોપીએ પોતાના ધ્વારા નિભાવવામાં આવતા ખાતામાંથી નાણા ચુકવવા ફરિયાદીને ચેક આપેલ.
૨. આરોપીએ ફરિયાદીને આવો ચેક સમગ્ર અથવા અંશત: કાયદેસરનુ દેવુ અથવા જવાબદારી અદા કરવા માટે આપેલ હતો.
૩. ચેક જે તારીખે લખેલ હતો તે તારીખથી ચેકની નિયત સમયમર્યાદામાં રજુ કરવામાં આવેલ હતો.
૪. ચેક આરોપીના ખાતામાં અપુરતા ભંડોળને કારણે પરત થયેલો.
૫. ચેક પરત થયાની માહિતિ મળ્યા બાદ ફરિયાદીએ ૩૦ દિવસની સમય મર્યાદામાં નાણાંની માગણી કરતી લેખિત નોટીસ ચેક લખનાર (આરોપી)ને મોકલેલ હતી.
૬. આરોપીને આવી લેખિત નોટીસ મળી ગયેલ હોવા છતાં ચેકના નાણાં ૧૫ દિવસની સમય મર્યાદામાં ચુકવી આપેલા નથી.

(૯) આમ, જયારે ફરિયાદી ધ્વારા ઉપરોકત તમામ મુદ્દાઓ પુરવાર કરવામાં આવે ત્યારે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ:–૧૧૮(એ) તથા કલમ–૧૩૯ અનુસાર ફરિયાદીની તરફેણમાં અનુમાનો કરી શકાય તેવી જોગવાઈ છે.

(૯.૧) ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ ધ્યાને લઈએ તો:–

કલમ–૧૧૮ વટાઉખત વિશે માની લેવાની બાબત...

એથી વિરૂધ્ધનુ સાબિત થાય ત્યાં સુધી નીચે પ્રમાણે માની લેવામાં આવશે.

(ક) દરેક વટાઉખત અવેજને માટે કરી આપ્યું અથવા લખી આપ્યું હતું અને આવુ દરેક વખત જયારે તે સ્વીકારવામાં આવ્યુ હોય તો તેના ઉપર શેરો કરી આપવામાં

આવ્યો હોય તે વટાવવામાં આવ્યુ હોય તે વટાવવામાં આવ્યુ હોય અથવા તબદીલ કરવામાં આવ્યુ હોય તે અવેજને માટે સ્વીકાર્યુ હતુ તેના ઉપર શેરો કરી આપ્યો હોય તે વટાવ્યુ હતું અથવા તબદીલ કર્યુ હતું.

(ખ) **તારીખ વિશે:–** જેના ઉપર તારીખ હોય તેવુ દરેક વટાઉખત તે તારીખે કરી આપ્યું અથવા લખી આપ્યુ હતું.

(ગ) **સ્વીકારવાના સમય વિશે :–** સ્વીકારાયેલુ દરેક વિનીમયપત્ર તેની તારીખ પછી અને તે પાકયાની તારીખ પહેલાં વ્યાજબી સમયમાં સ્વીકારવામાં આવ્યું હતું.

(ઘ) **તબદીલના સમય વિશે:–** કોઈ વટાઉખતની દરેક તબદીલ તે ખત પાકવાની તારીખ પહેલાં થઈ હતી.

(ચ) **શેરાઓના ક્રમ વિશે :–** ખોવાઈ ગયેલી પ્રોમીસરી નોટ, વિનીમયપત્ર અથવા ચેક ઉપર રીતસર સ્ટેમ્પ લગાડેલો હતો.

(જ) **ધાર યથાક્રમ ધારક છે એમ માની લેવા વિશે :–** કોઈ વટાઉખતનો ધારક યથાક્રમ ધારક છે પરંતં જયારે તે ખત તેના કાયદેસરના માલિક પાસેથી અથવા તેનો કાયદેસરનો હવાલો ધરાવતી વ્યકિત પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી મેળવવામાં આવ્યું હોય અથવા તે ખત કરી આપનાર અથવા સ્વીકારનાર પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી અથવા ગેરકાયદેસર અવેજને બદલે મેળવવામાં આવ્યું હોય ત્યારે તે ખતો ધારક પોતે યથાક્રમે ધારક છે એમ સાબિત કરવાનો બોજો તેના ઉપર છે.

કલમ–૧૩૯ ચેકના ધારણકર્તાની તરફેણમાં અનુમાન :–

વિરૂધ્ધની હકીકત સાબિત ન થાય ત્યાં સુધી માનવામાં આવશે કે તે ચેક ધારણ કરનારે તે ચેક કલમ–૧૩૯ માં દર્શાવ્યા મુજબ કોઈ દેવાના અથવા અન્ય જવાબદારીના પુરેપુરા અથવા તેના કોઈ ભાગમાંથી બોજમુકત થવાના બદલામાં તે ચેક મેળવ્યો હશે. પાછો ફરેલ ચેક વર્તમાન લેણાં નો કે જવાબદારી પુરી કરવા માટેનો હતો પરંતુ અનુમાન કરીને દેવા પરત્વેનો ન

હતો તે ચેક આપનાર ઉપર છે. ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ:– ૧૧૮ (એ)ની જોગવાઈ અનુસાર જયાં સુધી વિરુધ્ધનુ સાબિત ના થાય ત્યાં સુધી દરેક વટાઉખત અવેજના માટે કરી આપ્યાનુ માની લેવામાં આવશે. તે જ રીતે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ:– ૧૩૯ની જોગવાઈ વંચાણે લેવામાં આવશે. વિરુધ્ધની હકીકત સાબિત ન થાય ત્યાં સુધી અનુમાન કરવામાં આવશે કે, ચેકના ધારણકર્તાએ તે ચેક કલમ–૧૩૮ની જોગવાઈ અનુસાર તેમના કાયદેસરના દેવા અથવા જવાબદારીની અંશત: અથવા પુર્ણ ચુકવણી માટે મેળવવામાં આવેલ હશે. ઉપરોકત બંને કલમ હેઠળ ફરિયાદીની તરફેણમાં અનુમાન થઈ શકે. પરંતુ બંને જોગવાઈમાં ''વિરુધ્ધનુ સાબિત ના થાય તો'' તેવા શબ્દો પ્રયોજવામાં આવેલ છે. એટલે કે આ બંન્ને અનુમાનો ખંડિત થઈ શકે તે પ્રકારેના અનુમાનો છે. વિરુધ્ધનું પુરવાર ના થાય તે શબ્દોના અર્થઘટન અનુસાર અનુમાનનું ખંડન સચોટ પુરાવાથી કરવાનુ રહે છે અને આવુ અનુમાન ખંડન કરવાનો બોજો આરોપીના શીરે રહે છે.

(૧૦) **In the case of Baslingappa Vs. Mudibasappa 2019 (5) SCC 418 Hon’ble Suprem Court has held in the relavant para 23 that...**

“23. We having noticed the ratio laid down by this Court in above cases on Sections 118(a) and 139, we now summarise the principles enumerated by this Court in following manner:-

(i) Once the execution of cheque is admitted Section 139 of the Act mandates a presumption that the cheque was for the discharge of any debt or other liability.

(ii) The presumption under Section 139 is a rebuttable presumption and the onus is on the accused to raise the probable defence. The standard of proof for rebutting the presumption is that of preponderance of probabilities.

(iii) To rebut the presumption, it is open for the accused to rely on evidence led by him or accused can also rely on the materials submitted by the complainant in order to raise a probable defence. Inference of preponderance of probabilities can be drawn not only from the materials brought on record by the parties but also by reference to the circumstances upon which they rely.

(iv) That it is not necessary for the accused to come in the witness box in support of his defence, Section 139 imposed an evidentiary burden and not a persuasive burden.

(v) It is not necessary for the accused to come in the witness box to support his defence.

ઉપરોકત ચુકાદામાં નામ.સુપ્રિમ કોર્ટે હેલ્ડ કરેલ **Ratio-decidendi** ને ધ્યાન સમક્ષ રાખતા ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૧૮, કલમ–૧૩૯ માં કરવામાં આવેલ અનુમાનો સબંધિત કાયદાકીય જોગવાઈ ધ્યાને લેતાં આ અનુમાનોનું ખંડન કરવાનો બોજો આરોપીના શીરે રહે છે. તેમજ તે અંગે આરોપીએ પોતે જ પુરાવો આપવાની જરૂરીયાત નથી, ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવા આધારે આરોપી પોતાનો બચાવ પુરવાર કરી શકે છે. ફરીયાદપક્ષ ઉપર જે રીતે પોતાનો પુરાવો પુરવાર કરવાનો બોજો રહેલ છે, તે રીતે ખંડનાત્મક હકીકતો પુરવાર કરવાનો બોજો આરોપી ઉપર રહેલ નથી. આરોપીએ માત્ર પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી જેટલા પુરાવા આધારે કાયદાકીય અનુમાનોનું ખંડન કરી શકે છે. સદર કાયદાકીય સેટલ લો ધ્યાન સમક્ષ રાખી ફરીયાદપક્ષે રજુ પુરાવાઓનુ મુલ્યાંકન કરવામાં આવેલ છે.

આ કામે ઉપરોકત કરવામાં આવેલ ચર્ચા મુજબના ગુના સબબના તમામ આવશ્યક તત્વો પુરવાર કરવા સારૂ ફરિયાદી ધ્વારા ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ની કલમ:–૧૪૫(૧) અન્વયે પોતાની તમામ હકીકતોને સમર્થનકારક પુરાવો આ કામે તેઓ ધ્વારા સોગંદનામાથી રજુ કરવામાં આવેલ છે જે સોગંદનામામાં તેઓએ આ કામે આરોપી સાથે થયેલ વ્યવહારની વિગતો તેમજ આ કામે આરોપી ધ્વારા તેઓને ચેક આપવામાં આવેલ હોવાની હકીકતને સમર્થનકારક મૌખિક પુરાવો રજુ કરેલ છે. તેમજ આ કામે તેઓ ધ્વારા આરોપીનો ચેક કલીયરીંગ માટે બેંકમાં રજુ કરવામાં આવતા આ ચેક અસ્વીકાર થઈ પરત ફરેલો હોવાનો અને આ ચેક પરત ફર્યા બદલ આ કામના આરોપીને નોટીસ આપેલી અને તે નોટીસ પણ આરોપીને બજી ગયેલ હોવાની હકીકતને સમર્થનકર્તા મૌખિક પુરાવો રજુ કરેલ છે. તેમજ આ કામે પોતાના મૌખિક પુરાવાના સમર્થનકારક દસ્તાવેજી પુરાવાઓ પણ રજુ કરવામાં આવેલ છે. જેમાં આ કામે ફરિયાદી ધ્વારા આંક–૧૧, આંક–૧૯ તથા આંક–૩૦ થી પાવર ઓફ એટર્નીની નકલ, આંક–૧૨ થી આરોપીના ખાતા/ લોનનો ઉતારો, આંક–૧૩ થી ફરીયાદવાળો અસલ ચેક, આંક–૧૪ થી રીટર્ન મેમો, આંક–૧૫ થી ફરીયાદીના વકીલશ્રી ધ્વારા આપવામાં આવેલ ડીમાન્ડ નોટીસની સ્થળપ્રત, આંક–૧૬ થી ડીમાન્ડ નોટીસ પોસ્ટ કર્યા બાબતેની મની રીસીપ્ટ, આંક–૧૭ થી નોટીસ આરોપીને બજી ગયેલ હોવા બાબતે પોસ્ટ ખાતાનો ઓનલાઈન ટ્રેકીંગ રીપોર્ટ, આંક–૩૯ થી અસલ લોન એપ્લીકેશન ફોર્મ તથા આંક–૪૦ થી લોન કમ હાઈપોથીકેશન એગ્રીમેન્ટની અસલ રજુ કરવામાં આવેલ છે. આમ, આ કામે જયારે ફરિયાદી ધ્વારા પોતાની આંક–૧ ના સમર્થનમાં ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ: ૧૪૫ (૧) મુજબ પોતાનો પુરાવો રજુ કરી પોતાની સમગ્ર ફરિયાદ હકીકત પુરવાર કરેલ છે. આમ, આ કામે હાલના ફરિયાદી ધ્વારા ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ

એકટ ૧૮૮૧ ની કલમ: ૧૩૮ મુજબના ગુનાના ઉપરોકત ચર્ચા કરવામાં આવેલ તમામ આવશ્યક તત્વો પુરવાર કરવા સારૂ પોતાનો તમામ પુરાવો રજુ કરી દીધેલ છે તેમજ તેઓ ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવા મુજબ આ કામના આરોપીને કાયદેસરના દેવાની ભરપાઈ કરવા માટે આપેલ ચેક પરત ફર્યા બદલની નોટીસ બજી ગયેલ હોવા છતાં તેઓ ધ્વારા ચેકની રકમ આ કામના ફરિયાદીને આપેલ ન હોવાનું પુરવાર થાય છે. આમ, જયારે આ કામે ફરિયાદીને આપેલ કાયદેસરના દેવાના ભરપાઈ માટે આપેલ ચેક પરત ફરેલો અને તે ચેક પરત ફર્યા બાદ તેઓને નોટીસ કરવામાં આવેલ અને આ નોટીસ બજી ગયેલ હોવા છતાં દિન: ૧૫ માં આ ચેક રકમ આપેલ ન હોવાથી, આ કામના આરોપી ધ્વારા ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ની કલમ:-૧૩૮ મુજબના ગુનાનુ અનુમાન થઈ શકે તેમ છે. ત્યારે આ કામે હાલનો ગુનો બનવા માટે તમામ આવશ્યક તત્વો આ કામે ફરિયાદી ધ્વારા પોતાના પુરાવાના માધ્યમથી પુરવાર કરેલ છે. In the matter between M/S Prajapati Oil Industries through owner Rameshbhai V/S Status of Gujarat, reported in 2004 (1) GLH Page No. 365, Hon`ble Gujarat Higt Court has held that, as soon as a cheque is issued in favour of a party the presumption is that, it is issued against consideration. The burden to rebut this presumption is on the person who issues the cheque. In absence of such rebuttal it can not be said that cheques were without consideration.Also,Hon`ble Gujarat High Court In Para – 25 of its judgment held that, on a bare reading of section -138 of the act it is clear that as soon as cheque is produced on record, a presumption will arise about the consideration that the negotiable instrument concerned was or drawn for onsideration.

In the matter between Mangubhai Mansukhram Pandya V/S pranjivan Trivovandas purihitm reported in 1991 (2) GLH Page No. 65, Hon`ble Gujarat High Court has that, section -118 of the N. I. Act raises a statutory presumption that,

1. There was consideration for every negotiable instrument. This presumption continues until it is rebuted.
2. Onus of proof that there was no cosideration is on the deferndat.
3. Initial burden lies on the plaintiff to prove executiom of the promote. But once the burden discharged court has to raise the statutory presumption.

In the case of Bir singh Verses Mukesh kumar 2019 (0) AIJEL – SC 63577 Hon'ble Supreme Court held in para 26. It is a well settled position of law that the defence of the Accused, if in the nature of a mere denial of the case of the Complainant will not be sufficient to hold it as a probable defence. The bare denial of the passing of consideration apparently does not appear to be any defence. Something which is probable must be brought on record for getting the benefit of shifting the onus of proof to the Complainant. And in para 27. It is also a well settled position of law that, once the cheque is proved to be relating to the Account of the Accused and he accepts and admits the signature on the said cheque, then the initial presumption as contemplated under Sec. 139 of the N.I.Act has to be raised by the courts in

favour of the Complainant. The presumption referred to in Sec.139 of the N.I.Act is a mandatory presumption and not a general presumption, but the Accused is entitled to rebut the said presumption. What is required to be established by the Accused in order to rebut the presumption is different from each case under given circumstance. But the fact remains that a mere plausible explanation is not expected from the Accused and it must be more than a plausible explanation by way of rebuttal evidence. The defence raised by the Accused by way of rebuttal evidence must be probable and capable of being accepted by the court.

(૧૧) આમ, પ્રસ્તુત કેસમાં નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૧૮ અને ૧૩૯ માં જણાવેલ અનુમાનો ફરીયાદીની તરફેણમાં હોવાથી તે અનુમાનોનું ખંડન થઈ શકે તેવુ ચુસ્ત વિશ્વાસપાત્ર માનવાલાયક તથા પ્રીપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી જેટલો પુરાવો રેકર્ડ ઉપર લાવી તેનુ ખંડન કરવાની જવાબદારી આરોપીના શિરે રહેલ છે.

નામ.સુપ્રિમ કોર્ટ દ્વારા **<u>મે.કુમાર એકસપોર્ટ વિરૂધ્ધ વિનોદ શર્મા ૨૦૦૯(૨) જી.એલ.આર.૧૨૪૦</u>** ના ચુકાદામાં **<u>પેરા–૧૧</u>** માં અનુમાનો કયારે કરી શકાય અને અનુમાનોનું ખંડન કરવાની જવાબદારી આરોપી કેવી રીકે નિભાવી શકે, તે અંગે ન્યાયીક અવલોકન કરવામાં આવેલ છે, જે અંગે આ તબકકે ધ્યાન સમક્ષ લેવામાં આવે તો...

Para : 11. The use of the phrase **"<u>until the contrary is proved</u>"** in Sec. 118 of the Act and use of the words **"<u>unless the contrary is proved</u>"** in Sec. 139 of the Act read with definitions of **"<u>may presume</u>"** and **"<u>shall presume</u>"** as given in Sec. 4 of the Evidence Act, makes it at once clear that presumptions to be raised under both the provisions are

rebuttable. When a presumption is rebuttable, it only points out that the party on whom lies the duty of going forward with evidence, on the fact presumed and when that party has produced evidence fairly and reasonably tending to show that the real fact is not as presumed, the purpose of the presumption is over. The accused in a trial under Sec. 138 of the Act has two options. He can either show that consideration and debt did not exist or that under the particular circumstances of the case the non-existence of consideration and debt is so probable that a prudent man ought to suppose that no consideration and debt existed. To rebut the statutory presumptions an accused is not expected to prove his defence beyond reasonable doubt as is expected of the complainant in a criminal trial. The accused may adduce direct evidence to prove that the note in question was not supported by consideration and that there was no debt or liability to be discharged by him. However, the Court need not insist in every case that the accused should disprove the non-existence of consideration and debt by leading direct evidence because the existence of negative evidence is neither possible nor contemplated. At the same time, it is clear that bare denial of the passing of the consideration and existence of debt, apparently would not serve the purpose of the accused. Something which is probable has to be brought on record for getting the burden of proof shifted to the complainant. To disprove the presumptions, the accused should bring on record such facts and circumstances, upon consideration of which, the Court may either believe that the consideration and debt did not exist or their non-existence was so probable that a prudent man would under the circumstances of the case, act upon the plea that they did not exist. Apart from adducing direct evidence to prove that the note in question was not supported by consideration or that he had not incurred any debt or liability, the accused may also rely upon circumstantial evidence and if the circumstances so relied upon are compelling, the burden may likewise shift again on to the complainant. The accused may also rely

upon presumptions of fact, for instance, those mentioned in Sec. 114 of the Evidence Act to rebut the presumptions arising under Secs. 118 and 139 of the Act. The accused has also an option to prove the non-existence of consideration and debt or liability either by letting in evidence or in some clear and exceptional cases, from the case set out by the complainant, that is, the averments in the complaint, the case set out in the statutory notice and evidence adduced by the complainant during the trial. Once, such rebuttal evidence is adduced and accepted by the Court, having regard to all the circumstances of the case and the preponderance of probabilities, the evidential burden shifts back to the complainant,..."

(૧૨) આ કામના આરોપી અદાલતમાં હાજર થયા બાદ ચેક બાબતે કોઈ બોનાફાઈડ તકરાર લેવામાં આવેલ નથી અને કેસનુ રેકર્ડ ધ્યાને લેતાં કોઈ રકમ જમા કરાવવામાં આવેલી હોય તેવુ પણ જણાઈ આવતુ નથી. આ તબકકે નામ.સુપ્રિમ કોર્ટે **સી.સી.અલ્વી હાજી વિ.પાલાપેટ્ટી મુહમદ રીપોટેડ ઈન ૨૦૦૭ (૬) એસ.સી.સી.૫૫૫** ના ચુકાદામાં એવુ ન્યાયીક અવલોકન કરવામાં આવેલ છે કે, જો આરોપીને બોનાડાઈડ તકરાર હોય તો તેને કોર્ટમાં હાજર થયાના પંદર દિવસમાં ચેકની રકમ જમા કરાવવી જોઈએ. સદર ચુકાદાના પેરા નં-૧૬ તથા પેરા નં.૧૭ માં નીચે મુજબનુ અવલોકન કરેલ છે કે,....

16. As noticed above, the entire purpose of requiring a notice is to give an opportunity to the drawer to pay the cheque amount within 15 days of service of notice and thereby free himself from the penal consequences of Sec. 138. In **Vinod Shivappa,** (supra) this Court observed :

"One can also conceive of cases where a well intentioned drawer may have inadvertently missed to make necessary arrangements for reasons beyond his control, even though he genuinely intended to honour the cheque drawn by him. The law treats such lapses induced by inadvertence or negligence to be pardonable, provided the drawer after

notice makes amends and pays the amount within the prescribed period. It is for this reason that Clause(c) of proviso to Sec. 138 provides that the section shall not apply unless the drawer of the cheque fails to make the payment within 15 days of the receipt of the said notice. To repeat, the proviso is meant to protect honest drawers whose cheques may have been dishonoured for the fault of others, or who may have genuinely wanted to fulfil their promise but on account of inadvertence or negligence failed to make necessary arrangements for the payment of the cheque. The proviso is not meant to protect unscrupulousdrawers who never intended to honour the cheques issued by them, it being a part of their modus operandi to cheat unsuspecting persons."

17. It is also to be borne in mind that the requirement of giving of notice is a clear departure from the rule of Criminal Law, where there is no stipulation of giving of a notice before filing a complaint. Any drawer who claims that he did not receive the notice sent by post, can, within 15 days of receipt of summons from the court in respect of the complaint under Sec. 138 of the Act, make payment within 15 days of receipt of summons from the court in respect of the complaint under Sec. 138 of the Act, make payment of the cheque amount and submit to the Court that he had made payment within 15 days of receipt of summons (by receiving a copy of complaint with the summons) and, therefore, the complaint is liable to be rejected. A person who does not pay within 15 days of receipt of the summons from the Court along with the copy of the complaint under Sec. 138 of the Act, cannot obviously contend that there was no proper service of notice as required under Sec. 138, by ignoring statutory presumption to the contrary under Sec. 27 of the G. C. Act and Sec. 114 of the Evidence Act. In our view, any other interpretation of the proviso would defeat the very object of the legislation. As observed in **Bhaskarans case, (supra)** if the "giving of notice" in the context of Clause 9(b) of the proviso was the same as the "receipt of notice" a trickster cheque drawer would get the premium to avoid receiving the

notice by adopting different strategies and escape from legal consequences of Sec. 138 of the Act.

(૧૩) આ કામના આરોપી અદાલતમાં હાજર થયા બાદ એક બાબતે કોઈ બોનાફાઈડ તકરાર લેવામાં આવેલ નથી અને કેસનુ રેકર્ડ ધ્યાને લેતાં કોઈ રકમ જમા કરાવવામાં આવેલી હોય તેવુ પણ જણાઈ આવતુ નથી. તેમજ આરોપીએ આંક–૪૨ થી રૂા.પર,૫૦૦/– રકમ જમા કરાવેલ છે તે સિવાય અન્ય કોઈ રકમ જમા કરાવામાં આવેલી હોય તેવુ પણ જણાઈ આવતુ નથી. વધુમાં આંક–૩૮ થી ફરીયાદી તરફે સદરહું વાહન સીઝ કરવામાં આવેલ નથી, જેથી સદરહું વાહન આરોપીના કબજામાં હોવા બાબતેની પુરસીસ રજુ કરવામાં આવેલ છે. તેમજ આમ, આ કામે હાલના ફરીયાદી ઘ્વારા પોતાના પુરાવાથી હાલનો ગુનો બનતો હોવાની હકીકત પુરવાર કરેલ છે.

(૧૪) ફરિયાદી ઘ્વારા દાખલ કરવામાં આવેલ ફરિયાદ, તથા તેના સંલગ્ન વેરીફીકેશન અને દસ્તાવેજી પુરાવાઓની તમામ નકલો આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ:–૨૦૭ અન્વયે આપવામાં આવેલ છે અને ફરિયાદ પક્ષની સમગ્ર હકીકતો અને દસ્તાવેજી આધારોની જાણ આ કામના આરોપીને કરી, ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ:–૨૫૧ અન્વયે આરોપીનું નિવેદન નોંધવામાં આવેલ છે. ત્યારે હાલની કાયદાકીય જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો તે નીચે મુજબ છે :

(૧૫) જયારે સમન્સ ટ્રાયલ કેસમાં જયારે આરોપી મેજીસ્ટ્રેટ સમક્ષ હાજર થાય કે તેઓને હાજર કરવામાં આવે ત્યારે આરોપીને તેઓની સામેના આક્ષેપની વિગતોની જાણ કરવાની અને તેમા તેઓને આ ગુનો કબુલ રાખવા માં ગે છે અથવા તો તેઓ આ ગુનામા પોતાનો કોઈ બચાવ કરવા માંગે છે કે કેમ ?

તે મુજબની જોગવાઈ છે. આમ, ઉપરોકત કાયદાકીય જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો તે મુખ્યત્વે બે ભાગમાં વહેંચાયેલી છે પ્રથમ ભાગ આ કામના આરોપીને તેઓની સામે આક્ષેપીત ગુનાની વિગતોની તેઓને જાણ કરી તેઓ ગુનો કબુલ કરવા માંગે છે કે કેમ? તે બાબત આરોપીને પુછવાની રહે છે. જયારે બીજા ભાગને ધ્યાને લેવામાં આવે તો તે આક્ષેપીત ગુનામાં પોતાનો બચાવ રજુ કરવા માંગે છે કે કેમ ? આમ, જયારે ઉપરોકત કાયદાકીય જોગવાઈ મુજબ આ કામના આરોપીને ગુનો કબુલ કરવા માંગે છે તે પુછવામાં આવતા તેઓ ઘ્વારા આ ગુનાનો ઈન્કાર કરવામાં આવેલ છે. ત્યારે **AIR 2014 SC 2528, Indian Bank Association and other Vs. Union of India and Other** ના ચુકાદામાં ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ:૨૫૧ અન્વયે ગુનાનો ઈન્કાર કરવામાં આવતા આરોપીની શું ફરજ છે? તેને ધ્યાને લેતાં, નામ. સુપ્રીમકોર્ટ ઘ્વારા એવું ઠરાવવામાં આવેલ છે કે, જો આરોપી ગુનાનો ઈન્કાર કરે, તો તેઓ ફરિયાદપક્ષ તરફથી મુકવામાં આવેલ આક્ષેપમાં કઈ હકીકતો આધારે બચાવ કરવા માંગે તે બચાવ જાહેર કરવો પડે અને તે આરોપીની જવાબદારી રહે છે કે તેઓ ફરિયાદપક્ષ તરફથી મુકવામાં આવેલ આક્ષેપનો સંભવીત બચાવ રજુ કરી શકે. પરંતુ આ કામે રેકર્ડ ધ્યાને લેવામાં આવે તો આ કામમાં હાલના આરોપી ઘ્વારા કોઈ બચાવ રજુ કરેલ નથી તેમજ કોર્ટ ઘ્વારા આપવામાં આવેલ તકો દરમ્યાન પણ પોતાનો બચાવ કરવાનું પસંદ કરેલ નથી તે હકીકત જ એ અનુમાનીત કરે છે કે આ કામે ફરિયાદપક્ષ તરફથી મુકવામાં આવેલ આક્ષેપમાં આરોપી પાસે કોઈ વ્યાજબી બચાવ નથી.

(૧૬) જે અનુસંધાને હાલના કેસના સંજોગોને ધ્યાને લેવામાં આવે તો આ કામે હાલના આરોપી કોર્ટ સમક્ષ ઉપસ્થીત રહેલા અને તે દિવસે તેઓને હાલના આક્ષેપીત ગુનાની વિગતો તેઓને જણાવવામાં આવેલ છે. ત્યારે આ કામે હાલના આરોપી ઘ્વારા ગુનો કબુલ રાખેલ નથી અને આ કામે તેઓ આ કામે પોતાનો બચાવ કરવા

માંગતા હોવાનું જાહેર કરેલ છે. ત્યારે આ કામે ફરિયાદી દ્વારા જે ચેક આપવામાં આવેલ છે તે ચેક કાયદેસરના દેવાની ભરપાઈ કરવા સારૂ અથવા તો કોઈ જવાબદારી અદા કરવા સારૂ આપવામાં આવેલ ન હતો તે તમામ હકીકતો પુરવાર કરવાની જવાબદારી આરોપીના શીરે રહે છે. તેમજ ના. સુપ્રીમ કોર્ટ દ્વારા **Hiten P. Dalal V/s. Bratindranath Banerjee (2001) 6 SCC 16** ના ચુકાદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લેતા :

" In other words, proved the facts required to form the basis of a presumption of law exists, no discretion is left with the court but to drawn the statutory conclusion, but this does not preclude the person against whom the presumption is drawn from rebutting it and proving the contrary. A fact is said to be proven when, " after considering the matters before it, the court either believes it to exist, or considers its existence so probable that a prudent man ought, under the circumstances of the particular case, to act upon the supposition that it exists". Therefore, the rebuttal does not have to be conclusively established but such evidence must be adduced before the court in support of the defence that the court must either believe the defence to exist or consider its existence to be reasonability being that of the 'prudent man"

(૧૭) આમ, ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ:– ૨૫૧ મુજબ આ કામે આરોપી દ્વારા પોતાનો બચાવ કરવા માંગતા હોવાનું જાહેર કરવામાં આવેલ હોવા બાદ, આ કામે ફરિયાદી દ્વારા જે ચેકનો આધાર લઈ હાલની ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે તે ચેક તેઓ દ્વારા કોઈ કાયદેસરના દેવા પેટે આપવામાં આવેલ ન હતો કે ફરિયાદી પાસે કોઈ દેવું ન હતું તે તમામ હકીકતો પુરવાર કરવાની જવાબદારી આરોપીના શીરે રહે છે. પરંતુ આ કામે તેઓ દ્વારા પોતાનો બચાવ કરવા માટે કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી. તેમજ ના. કોર્ટ દ્વારા વ્યાજબી અને પુરતી તક

આપવામાં આવેલ હોવા છતાં ઉલટ તપાસ કરેલ નથી. તેમજ તેઓએ આક્ષેપીત ગુનામાં બચાવ માટે હાજર રહેવાનું પણ પસંદ કરેલ નથી. ત્યારે એ હકીકત અનુમાન કરી શકાય છે કે આ કામે તેઓની પાસે આક્ષેપીત ગુનાના કામે માત્ર ઉડાઉ ઈન્કાર કર્યા સિવાય બીજો કોઈ સંભવ બચાવ માટે કોઈ પુરાવો નહી હોય.

(૧૮) આમ, ઉપરોકત ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ:૧૩૮ માટે આવશ્યક તત્વો પુરવાર કરવામાં ફરિયાદી સફળ જતા હોય ત્યારે ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ:– ૨૫૧ અન્વયે આ કામે હાલના આરોપી ધ્વારા જે ગુનો કબુલ કરવામાં આવેલ ન હોવા મુજબનું નિવેદન આપવામાં આવેલ છે. તેઓ ધ્વારા આ નીવેદનમાં હાલના ગુના માટે પોતાનો બચાવ કરવા માંગતા હોવાનું જણાવવામાં આવેલ છે. આમ, જયારે આરોપી ધ્વારા તેઓની સામેના આક્ષેપીત ગુનામાં પોતાનો બચાવ કરવા માંગતા હોય તે પુરાવો રજુ કરવાની કે સોગંદકર્તાના પુરાવાને પડકારવા માંગતા હોવાની જવાબદારી આરોપીની બની રહે છે. આ કામે આરોપી ધ્વારા જો પોતાનો બચાવ કરવા માંગતા હોય કે સોગં દનામાથી જે હકીકતો જાહેર કરવામાં આવેલ હોય તેને તપાસવા માંગતા હોય તો તે બાબતે કોઈ અરજી આપી અને તેઓને પુરાવા માટે બોલાવવામાં આવેલ નથી. ત્યારે આ કામે હાલના સાહેદના પુરાવાની આરોપીને કોઈ આવશ્યકતા છે કે કેમ ? અને તેઓ આ સોગંદકર્તાની હકીકતોને ઉલટ તપાસ માટે બોલાવવા માંગે છે કે કેમ તે માટેની જોગવાઈ ધ્યાને લેતા તે નીચે મુજબ છે :

ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ:– ૧૪૫ (૨)

(2) The court may, if it thinks fit, and shall, on the application of the prosecution or the accused, summons and examine any person giving evidence on the affidavit as to the facts contained therein.

S.P.Dulera
Addl.C.J.M.

(૧૯) આમ, ઉપરોકત આરોપીને હાલના ફરિયાદીની કલમ :– ૧૪૫(૨) અન્વયે જો તેઓ ફરિયાદી ધ્વારા જે પુરાવો સોગંદનામાથી રજુ કરવામાં આવેલ છે તેની હકીકતો અન્વયે ઉલટતપાસના માધ્યમથી પડકારવા માંગતા હોય તો તેઓએ સોગંદનામાની ઉલટ તપાસ કરવા માટે અરજી આપી શકે છે.પરંતુ આ કામે તેઓ ધ્વારા હાલના ફરિયાદીની ઉલટ તપાસ કરવા માંગતા હોવા બાબતે કોઈ અરજી આપેલ નથી. આમ, આ કામે હાલના આરોપીએ ફરિયાદીના પુરાવાને બીનપડકારી રહેવા દીધેલ છે. આમ, તેઓનો ઉલટ તપાસ કરવા માટે તેઓની પાસે કોઈ બચાવ ન હોવાનું વિરૂધ્ધનું અનુમાન થઈ શકે તેમ છે. ત્યારે આ કામે હાલના આરોપી ધ્વારા ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ:–૨૫૧ અન્વયે પોતાનો બચાવ રજુ કરવામાં તથા ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ:–૧૩૯ અન્વયે પોતે વિરૂધ્ધની કોઈ હકીકત રેકર્ડ પર લાવવાનું પસંદ કરેલ નથી. ત્યારે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ની કલમ:–૧૩૯ નીજોગવાઈ ધ્યાને લેતા તે નીચે મુજબ છે :

139. 1[Presumption in favor of holder: It shall be presumed, unless the contrary is proved, that the holder of cheque received the cheque of the nature referred to in section 138 for discharge, in whole or in part, or any debt or other liability]

(૨૦) આ કામાના આરોપી અદાલતમાં હાજર થયા બાદ ચેક બાબતે કોઈ બોનાફાઈડ તકરર લેવામાં આવેલ નથી અને કેસનુ રેકર્ડ ધ્યાને લેતાં, આરોપીએ આંક–૨૨ થી રૂા.૫૦,૦૦૦/– રકમ જમા કરાવેલ છે તે સિવાય અન્ય કોઈ રકમ જમા કરાવામાં આવેલી હોય તેવુ પણ જણાઈ આવતુ નથી. ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૧૮ અને કલમ–૧૩૯ ના સ્ટેચ્યુટરી પ્રિઝમશન ***Cogent & Convincing*** એવીડન્સથી રીબર્ટ કરવાની જવાબદારી આરોપીની

છે અને તે માટે આરોપીએ સ્પષ્ટ રીતે માની શકાય તેવો ખંડનાત્મક પુરાવો આપવાનો રહે છે પુરાવાકીય રેકર્ડ ઉપર લાવવાનો રહે છે.

– નામદાર સુપ્રીમ કોર્ટ ધ્વારા પેજ પરના **ટી.વસંથાકુમાર વર્સિસ વિજયકુમારી એ.આઈ.આર. ૨૦૧૫ એસ.સી.** ૨૨૪૦, ના ચુકાદામાં રીલેવન્ટ પેરા-૮,૯,૧૦ માં કરવામાં આવેલ અવલોકન આ તબકકે ઘ્યાન સમક્ષ લેવામાં આવે તો...

8. We have heard the learned counsel appearing for the appellant as also the learned counsel appearing for the respondent. The complainant has alleged that the money (loan) was advanced to the defendant on 20-05-2006 in relation to which the cheque was issued to him by the defendant on 16-01-2007. The cheque was for Rs.5 lakhs only, bearing No.822408. It is of great significance that the cheque has not been disputed nor the signature of the defendant on it. There has been some controversy before us with respect to Section 139 of Negotiable Instruments Act as to whether complainant has to prove existence of a legally enforceable debt before the presumption under Section 139 of the Negotiable Instruments Act starts operating and burden shifts to the accused. Section 139 reads as follows :

"139. Presumption in favour of the holder-It shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque of the nature referred to in Section 138 for the discharge, in whole or in part, of any debt or other liability."

9. This Court has held in its Three judge bench judgment in Rangappa Vs. Sri Mohan, (2010) 11 SCC 441:

"The presumption mandated by Section 139 includes a presumption that there exists a legally enforceable debt or liability. This is of course in the nature of a rebuttable presumption and it is open to the accused to raise a defence wherein the existence of a legally enforceable debt or liability can be contested. However, there can be no doubt that there is an initial presumption which favours the respondent complainant."

10. Therefore, in the present case since the cheque as well as the signature has been accepted by the accused respondent, the presumption under Section 139 would operate. Thus, the burden was on the accused to disprove the cheque or the existence of any legally recoverable debt or liability. To this effect, the accused has come up with a story that the cheque was given to the complainant long back in 1999 as a security to a loan; the loan was repaid but the complainant did not return the security cheque. According to the accused, it was that very cheque used by the complainant to implicate the accused. However, it may be noted that the cheque was dishonoured because the payment was stopped and not for any other reason. This implies that the accused had knowledge of the cheque being presented to the bank, or else how would the accused have instructed her banker to stop the payment. Thus, the story brought out by the accused is unworthy of credit, apart from being unsupported by any evidence.

– **ભારતીય પુરાવા ધારાની કલમ–૧૩૪ ના પરિપેક્ષમાં એ સ્વીકૃત મેકસીમ છે કે,** **"Evidence has to be weighed not counted"** જે દરેક કેસના સંજોગો અને પુરાવાની ગુણવતા ઉપર આધારિત હોય છે. નામદાર સુપ્રિમકોર્ટે પ્રસ્થાપિત કરેલ રેશીયો મુજબ જયારે ચેક તથા સહી હાલના કેસમાં પુરવાર થયેલ હોય ત્યારે ચેક કોઈ કાયદેસરનું લેણું કે જવાબદારી માટે આપવામાં આવેલ નથી તેવુ પુરવાર કરવાની જવાબદારી આરોપીની છે. આ કામના આરોપીએ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૧૮,૧૩૯ મુજબના ફરીયાદીની તરફેણના અનુમાનોને રીટ઼ કરતો સંતોષકારક પુરાવો રજુ કરેલ નથી અને અનુમાનોનું ખંડન કરી શકેલ નથી.

– નામ. છત્તીસગઢ હાઈકોર્ટનું મદન તિવારી વિ. યશવંતકુમાર શાહ અને બીજાઓ ના કેસમાં એવું પ્રસ્થાપિત કરવામાં આવેલું છે કે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ મુજબ જયારે આરોપી પોતાની સહી કબુલ કરતા હોય ત્યારે પોતાની જવાબદારી પણ કબુલે છે. **રંગપ્પા વિ. શ્રી મોહન (૨૦૧૦) ૧૧ (S.C.C.)** ના કેસમાં નામ. સુપ્રિમ કોર્ટે એવુ હેલ્ડ કરેલું છે કે ચેક ઈસ્યુ થવા બાબતે અને સહી થવા બાબતે સ્વીકાર્યતા હોય ત્યારે એ ચેક

કાયદેસરના લ્હેણાં પેટે આપવામાં આવેલ હતો એવું કાયદાનુ અનુમાન કરે છે.

નામદાર સુપ્રિમકોર્ટ તેમજ નામદાર હાઈકોર્ટોએ પુરાવાના મુલ્યાંકનના સંદર્ભમાં અગાઉ રીફર કરવામાં આવેલા ચુકાદાઓમાં કરવામાં આવેલ ન્યાયિક અવલોકનો ધ્યાન સમક્ષ રાખી રેકર્ડ ઉપર આવેલ પુરાવાઓનું સમગ્રપણે મુલ્યાંકન કરતાં સામે ફરીયાદપક્ષે રજુ કરેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાથી આરોપીએ ફરીયાદીને કાયદેસરના વસુલવા પાત્ર લેણા કે દેવા પેટે ચેકો આપેલ હોવાનું પુરવાર થાય છે.

આમ, ઉપરોકત કાયદાકીય જોગવાઈને ધ્યાને લેવામાં આવે તો તે હકીકત આદેશાત્મક રીતે અનુમાન કરવાને રહે છે કે જો વિરૂધ્ધની કોઈ હકીકત પુરવાર કરવામાં ન આવે તો ધી નેગોશીયેબલઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ:- ૧૩૮ અન્વયે આપવામાં આવેલ ચેક તે કાયદેસરના દેવા પેટે અથવા તો તેના કોઈ ભાગ અથવા તો કોઈ જવાબદારી અદા કરવા માટે આપવામાં આવેલ છે. ત્યારે આ કામે ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ:- ૨૫૧ તથા ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ:- ૧૩૯ સાથે વંચાણે લેતા આ કામે જયારે આરોપી ધ્વારા ગુનો કબુલ ન રાખતા આ કામે તેઓએ પોતાનો બચાવ કરવા માંગતા હોવાનું જાહેર કરવામાં આવેલ છે અને કલમ: ૧૩૯ અન્વયે ફરિયાદી પક્ષ તરફથી પુરવાર કરવામાં આવેલ હકીકતોમાં વિરૂધ્ધની કોઈ હકીકત પુરવાર કરવાની જવાબદારી આરોપીના શીરે રહેતી હોય ત્યારે આ કામે હાલના આરોપી ધ્વારા પોતાના બચાવમાં કોઈ પુરાવો રજુ કરેલ ન હોવાથી તેઓ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ:- ૧૩૯ મુજબ પોતાનો બચાવ કરવામાં સદંતર નિષ્ફળ નીવડેલા હોવાનું મારૂ નમ્ર પણે માનવું છે.

(૨૧) આમ, જયારે ઉપરોકત કલમો મુજબ આરોપી ધ્વારા કોઈ વિરૂધ્ધની હકીકતો પુરવાર કરવા માટે હાજર રહેલા નથી તેમજ ફોજદારી કાર્યરીતી અધિનિયમની

કલમ:- ૨૫૧ મુજબ પોતાનો બચાવ રજુ કરેલ નથી કે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ:-૧૩૯ મુજબ ફરિયાદ પક્ષના પુરાવામાં કોઈ વિરૂધ્ધની હકીકત રજુ કરવા માટે પ્રયત્ન કરવામાં આવેલ નથી ત્યારે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટનીકલમ:-૧૩૮ ધ્યાને લેતાં તે નીચે મુજબ છે :

138. Dishonour of cheque for insufficiency, etc. of fund in the account, Where any cheque drawn by a person on an account maintained by him with a banker for payment of any amount of money to another person from out of that account for the discharge, in whole or in part, of any debt or other liability, is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of that account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from the account by an agreement made with that bank, such person shall be deemed to have committed an offence and shall without prejudice to any other provision of this Act, be punished with imprisonment for 2[a term which may extend to two year] or with fine which may extend to twice the amount of the cheque, or with both :

(૨૨) ઉપરોકત કાયદાકીય જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો આ જોગવાઈ મુજબ “such person shall be “deemed to” have committed an offence” મુજબની જોગવાઈ કરવામાં આવેલ છે. ત્યારે આ કામે જો કોઈ વ્યકિતનો ચેક અપુરતા ભંડોળના કારણસર પરત ફરવામાં આવેલ હોય કે બેંક સાથે ખાતેદારની સમજુતી ની રકમથી વધારે રકમ કરતા વધારે રકમનો હોય અને તે ચેક તે કારણસર પરત ફરવામાં આવેલ હોય, ત્યારે આદેશાત્મક રીતે તે વ્યકિત ધ્વારા ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબનો ગુનો કરેલ હોવાનું માની લેવામાં આવશે.

(૨૩) જયારે આ કામે હાલના આરોપી ધ્વારા ફરિયાદીને આ કામનો ચેક કાયદેસરના દેવા પેટે આપેલ હોવા સામે કોઈ બચાવ કરવામાં આવેલ નથી, ત્યારે ધી

નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ:–૧૧૮ મુજબ તેઓ ધ્વારા હાલનો ચેક કાયદેસરના દેવા પેટે આપેલ હોવાનું અનુમાન ન કરવા માટે કોઈ પર્યાપ્ત કારણ રજુ કરી શકેલ નથી, તેમજ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ:–૧૩૯ મુજબ પણ ફરિયાદીના પુરાવાથી કોઈ વિરૂધ્ધની હકીકત પુરવાર કરવા સારૂ અત્રેની અદાલત સમક્ષ હાજર રહેલા નથી. તેમજ ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ:– ૨૫૧ અન્વયે તેઓ હાલના ગુનાના કામે તેઓ પોતાનો બચાવ કરવા માંગતા હોવાનું જાહેર કરી, પોતાનો કોઈ બચાવ રજુ કરેલ નથી. ત્યારે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ:–૧૩૮ અન્વયે તેઓએ હાલનો ગુનો કરેલ ન હોવાનું માની શકાય તેમ નથી. ત્યારે ઉપરોકત મુદ્દા નંબર:– ૧ અન્વયે આ કામનો તકરારી ચેક આરોપી ધ્વારા કાયદેસરના દેવા અથવા અન્ય જવાબદારી ભરપાઈ કરવા માટે આપેલ અને તે ચેક ''**ફંડસ ઈન્સફીસીયન્ટ**'' ના કારણસર પરત ફરેલો અને તે બદલ તેઓને કાયદેસરની નોટીસ બજી ગયેલ હોવા છતાં નિર્ધારીત સમય મર્યાદામા તેઓ ધ્વારા ચેક રકમ ફરિયાદીને નહી ચુકવી આપી અને ગુનો કરેલ હોવાનું પુરવાર થતું હોય, અને તેમા પોતાનો બચાવ રજુ કરવામાં નિષ્ફળ નીવડતા હોય, આરોપીને ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ : ૧૩૮ ના ગુના સબબ તકસીરવાન ઠરાવવામાં આવે છે અને ન્યાયને ખાતર આરોપીને સજાના પ્રમાણ બાબતે સાંભળવા ઉપર કેસ મુલત્વી રાખવામાં આવે છે.

સ્થળ : વડોદરા.
તા.૧૭/૦૧/૨૦૨૬

(સુનંદા પ્રશાંત દુલેરા)
૩[જા] એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
વડોદરા.
(જજ કોડનં. જી.જે–૦૦૮૮૭)

S.P.Dulera
Addl.C.J.M.

વધુ હુકમ......

આ કામે અવાર નવાર પોકાર કરવા છતાં આરોપી કે તેમના વિ.વ.શ્રી. હાજર રહેલ નથી કે પોતાના બચાવ અંગે કોઈ રિપોર્ટ કે રજુઆત કરેલ નથી. આરોપીએ જાતે ગેરહાજર રહીને સજાના પ્રમાણ અંગે તેઓને સાંભળવાની તકનો ઉપયોગ કરેલ નથી અને તે તક જતી કરેલ છે તેવુ માનવાને કારણ રહે છે. જેથી ફરિયાદ પક્ષના કેસની તમામ હકીકતો તેમજ સંજોગોને આધીન ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

– :: આ ખ રી હુ ક મ ::–

૧. આ કામના આરોપી **કપીલદેવ વી.ઠાકોર,** રહે.૧૩૮, ઘંટાવાડ વાડ ફળીયુ, તલસાટ, તા.જી.વડોદરાવાળાને ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ ૨૫૫(૨) મુજબ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ: ૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાં તકસીરવાન ઠરાવી **૦૧ (એક) વર્ષની સાદી કેદની સજા તથા રૂા.૮,૦૮,૫૦૦/– (અંકે રૂપિયા આઠ લાખ આઠ હજાર પાંચસો પુરા)** નો દંડ ફરમાવવામાં આવે છે તેમજ આરોપી ધ્વારા દંડની રકમ ભરવામાં કસુર કરવામાં આવે તો વધુ ૩૦(ત્રીસ) દિવસની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

૨. વધુમાં ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ–૩૫૭ ની વળતર માટેની જોગવાઈ મુજબ આરોપી ધ્વારા ભરવામાં આવેલ દંડની રકમમાંથી ચેકની રકમ તથા તે રકમ પરના વ્યાજ તથા હાલની ફરિયાદના ખર્ચ પેટે કુલ મળી **રૂા.૮,૦૮,૫૦૦/– (અંકે રૂપિયા આઠ લાખ આઠ હજાર પાંચસો પુરા)** આ કામના ફરિયાદીને વળતર પેટે ચુકવવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આરોપી વિરુધ્ધ સજાની અમલવારી સારુ નોન બેલેબલ વોરંટ ઈસ્યુ કરવુ.

૪. આરોપીએ કેસની ટ્રાયલ ચાલતાં સમય દરમ્યાન કાચા કામના કેદી તરીકે જો કોઈ સમય જેલમાં ગાળેલ હોય તો તેટલો સમય મજરે આપવો.

૫. આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ: ૩૬૩ મુજબ હુકમની સર્ટીફાઈડ નકલ હાજર થયેથી વિના મૂલ્યે પૂરી પાડવી.

હુકમ આજ રોજ તારીખ–૧૭મી, માહે : જાન્યુઆરી, સને: ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : વડોદરા.
તા.૧૭/૦૧/૨૦૨૬

(સુનંદા પ્રશાંત દુલેરા)
૩જા એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
વડોદરા.
(જજ કોડનં. જી.જે–૦૦૮૮૭)

(આર.એમ.રાણા,ગુજ.સ્ટેનો)

S.P.Dulera
Addl.C.J.M.